Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दीक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પોષ – મહા

પુસ્તક ૮૨ મું
અંક ૩-૪
૨૫ જાન્યુઆરી



વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૨
ઈ. સ. ૧૯૬૬

સ્વ૦ શ્રીયુત કુંવરજીભાઈ આણંદજી
જેમની એકવીશમી પુણ્યતિથિ પોષ શુદ અગિયારસના
રોજ ઉજવવામાં આવી હતી.

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | અજ્ઞાન કોણ ? | (સ્વ. બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર) | ૨૫ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો–લેખાંક : ૧૨ | (સ્વ. મૌક્તિક) | ૨૬ |
| ૩ | ઘરભણી પ્રવાસ ! | (સ્વ. બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર) | ૨૯ |
| ૪ | જિનદાસગણિ મહત્તર : જીવન અને કવન | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) | ૩૩ |


## નવા સભાસદ

૧ શેઠ બાઉચંદ રાયચંદભાઈ—જેસર (હાલ ભાવનગર) લાઈફ મેમ્બર

## સમાચાર

**જન્મદિન**—આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠના પોષ વદી ૦)) ને શુક્રવારના રોજ એંશીમાં જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હારતોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય ઇચ્છવામાં આવ્યું હતું.

**પૂજા ભણાવવામાં આવી**—સ્વ. શ્રીયુત કુંવરજીભાઇ આણંદજીની એકવીસમી પુણ્યતિથિ નિમિત્તે પોષ શુદિ ૧૧ ને સોમવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી જે સમયે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

## સભાસદોને સૂચના

બહારગામના લાઈફ મેમ્બરોમાંથી કેટલાંએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની રૂપરેખા** નામનું પુસ્તક (સં. ૨૦૨૦ની સાલનું) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ નીચેનું પુસ્તક સાથે ૬૦ પૈસા મોકલી બેઉ પુસ્તક સાથે મંગાવી લેવું, જેણે મંગાવ્યું હોય તેણે એક જ પુસ્તક મંગાવવું.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી સભાના પેટ્રન તથા લાઈફ મેમ્બરોને સં. ૨૦૨૧–૨૨ના વર્ષની ભેટ આપવા માટે મળેલ આર્થિક સહાયથી "શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્ર સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ" નામે ક્રાઉન ૧૬ પેજી, પૂરા આઠ ફોર્મનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલ છે. પુસ્તકમાં નવસ્મરણ સ્તોત્રો ઉપરાંત નિત્ય સ્વાધ્યાય માટે ઉપયોગી બીજા ઘણા સ્તોત્ર સૂત્રો, મોટી સંખ્યામાં પ્રાચીન ભાવવાહી સ્તવનો, સ્તુતિ, સજ્ઝાયો વગેરે આપેલ છે. ઉપરાંત દર્શન પૂજન માટે શ્રી સિદ્ધચક્ર તથા શ્રી ગૌતમસ્વામિ ભગવંતના કલાત્મક ભાવવાહી ફોટા મૂકી પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવેલ છે. તો ટપાલ ખર્ચ ૩૦ પૈસા મોકલી મંગાવી લેવું.

—જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૨ મું<br>અંક ૩-૪ | પોષ—મહા | વીર સં. ૨૪૯૨<br>વિક્રમ સં. ૨૦૨૨ |
|---|---|---|

## અજ્ઞાન કોણ ?

(દુહા)

પંડિત લોકપ્રિય ઘણો માને જાણ અજાણ, શાસ્ત્ર રહસ્ય ન જાણતો તે જાણો અજ્ઞાન.
નિજને જે મોટો ગણે માગે સહુથી માન, ભૂખ્યો માનતણો સદા તે જાણો અજ્ઞાન.
મદગિરિ ટોચ ઉપર ચઢી હુંકારે બેભાન, તુચ્છ ગણે સહુ સંતને તે જાણો અજ્ઞાન.
નિજની સ્તુતિને સાંભળી હરખે ભૂલી ભાન, ચીઢાએ નિંદા સુણી તે જાણો અજ્ઞાન.
મીઠી વાણી મુખ વદે કરતો કુડા કામ, વાણી કૃતિમાં ભિન્નતા તે જાણો અજ્ઞાન.
ગુરુગુણ કદિ નહીં ઉચરે ગુરુનું કરે અપમાન, કૃતઘ્ન એવો શિષ્ય જે તે જાણો અજ્ઞાન.
કંચનકામિની મોહમાં કુતરો થઇ નાદાન, હડકાયો દોડે સદા તે જાણો અજ્ઞાન.
સત્યાસત્ય ન ઓળખે સ્વાર્થ કારણે જાણ, શુચિતા મૂકે વેગળી તે જાણો અજ્ઞાન.
ધર્મ તજી સંયમ તજી ન ગણે પાપ ને પુણ્ય, પાપ કરે લાજે નહીં તે જાણો અજ્ઞાન.
કામ્ય ક્રિયા બહુ આચરે સ્વાર્થ પરાયણ ધ્યાન, જાણે નહીં નિષ્કામને તે જાણો અજ્ઞાન.
મૃત્યુતણો ભય નહીં ધરે રાખે ચિત્ત ગુમાન, અમર ગણે નિજને સદા તે જાણો અજ્ઞાન.
હુંકારા કરતો ફરે નિજનું ભૂલી ભાન, કલહપ્રિય નિષ્ઠુર બને તે જાણો અજ્ઞાન.
સ્રી પુત્રાદિક મોહિની દાસ બને તસ જાણ, અન્ય ધર્મ જાણે નહીં તે જાણો અજ્ઞાન.
આ સંસાર અસારને જાણે વિશ્વ સમાન, રમતો ખાબોચીએ સદા તે જાણો અજ્ઞાન.
વિવિધ દેવદેવીતણી પૂજા ભક્તિ અજાણ, સ્વાર્થ કારણે નિત્ય કરે તે જાણો અજ્ઞાન.
શાસ્રનિપુણ બહુ પઠિત હો પંડિત બહુવિધ જાણ, પરમાર્થ ન જાણે કદી તે જાણો અજ્ઞાન.

સ્વ૦ કવિ:-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

---

### શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે ૨૦૨૧નું લવાજમ લેણું થયેલ છે અને ૨૦૨૨નું લવાજમ ચડતર થવા લાગ્યું છે. શ્રી મહાપ્રભાવિક નવસ્મરણસ્તોત્ર સ્તવનાદિ સંગ્રહ નામે ક્રાઉન ૧૬ પેજી પૂરા આઠ ફોરમનું પુસ્તક ભેટ આપવાનું છે તો ભેટ બુકના પોસ્ટેજ ૩૦ પૈસા તથા રૂ. ૬—૫૦ લવાજમના મળી કુલ ૬—૮૦ મનીઓર્ડરથી તુરત જ મોકલવા કૃપા કરશો નહીંતર રૂ. ૭—૫૦નું વી.પી. કરવામાં આવશે. રૂ. ૧ વધારે થાય માટે મનીઓર્ડરથી તુરત જ મોકલી આપશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

**મણકો ૨ જો :: લેખાંક : ૧૩**

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

અત્યારે તો ફઈબા નામ પાડે છે, એટલે બાપની બહેન એક દિવસે આવી ઓળીઝોળી કરી પુત્રને રમાડી ઘોડિયા જેવી ઝોળી કરી પુત્રનું નામ પાડે છે, તેમાં વરસ બે વરસ ચાલ્યાં જાય છે અને પુત્ર તો બચ્ચુ કે બાબુના નામથી ઓળખાય છે, વળી કોઈ કોમમાં તેનું કાકુ નામ રહી જાય છે અને આવા નામથી જ નવો કુમાર ઓળખાય છે અને અસલનું બચ્ચું કે બેબી કે કાકુ નામ રહી જાય છે અને તેને હુલામણાનું નામ કહેવામાં આવે છે. આવી રીતનો કોઈ રિવાજ હોય અને ફઈ નામ પાડે તે બરાબર હોય એવો કોઈ રિવાજ તે યુગમાં પ્રવર્તતો હોય એવું જણાતું નથી. સર્વ સગાંસબંધીઓ જ નામ પાડે એવું જણાય છે અને ફઈ નામ પાડે તે રિવાજ પછી દાખલ થયો હશે એમ જણાય છે.

આ ફઈ તરફથી નામ પાડવાનો રિવાજ પછી દાખલ થયો જણાય છે. અને ફઈઓ પણ કચરો પુંજો અને એવા તુચ્છ નામો પાડતી હતી. એને બદલે હાલમાં બંગાળભાષાના સંસ્કૃત નામો પડવા લાગ્યાં છે તે સારૂં અનુકરણ છે અને તેમાં નામ પાડનાર અને જેનું નામ પાડવામાં આવે તેની મહત્તા વધે છે.

આ પ્રમાણે રિવાજમાં ફેરફારો થતા જ આવ્યા છે. કોઈવાર ઇષ્ટ ફેરફાર થાય છે, કોઈવાર અનિષ્ટ ફેરફાર થાય છે. આ અગિયારમા દિવસે નામ પાડવાનો રિવાજ તથા આખા કુટુંબને અને સંબંધી–સ્નેહીઓને જમાડવાનો રિવાજ સારો હતો અને વૃદ્ધિસૂતક આજે ચાલીસ દિવસ પાળવાનો રિવાજ બરાબર નથી એ વિચારવા યોગ્ય બાબત છે.

બાકી તો આ નવાયુગમાં કોઈ રિવાજ રહેશે કે નહિ અને તેની મહત્તા સમજવા પ્રયત્ન કરવામાં આવશે કે નહિ તે વાત પણ અત્યારે તો સંદેહમાં છે. તેટલા બધા ફેરફારો આપણામાં સમજીને કે વગર સમજણે થતા આવે છે અને ઘણીવાર તો આ બાબત વિચાર કરવાને યોગ્ય છે એટલું પણ સ્વીકારવામાં આવતું નથી એ ખેદાસ્પદ છે. દરેક રિવાજના મૂળમાં ભારે રહસ્ય રહેલું છે એમ ધારીને ચાલવામાં આવે અને તેનો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે એ ઇચ્છવા જોગ છે, પણ પુરાણું એ સર્વ ખોટું અને અર્થવગરનું છે એમ પ્રથમથી ધારીને ચાલવું તે અયોગ્ય છે. એમાં દેશ કે પ્રજાનો જયજયકાર નથી. આટલી વાત વિચારપથમાં લેવામાં આવે તો પણ ઘણું છે. પુરાણા રિવાજમાં કારણોનો સહાનુભુતિથી વિચાર કરવો ઘટે છે. એ સર્વ વાત અમુક અને અચૂક ઉદ્દેશથી દાખલ કરવામાં આવી છે તે જો બરાબર સમજવામાં આવે છે તો આ કાળના પ્રશ્નોનો ઉકેલ ઝટ થઈ શકે અને સાદી સરળ રીતે થઈ શકે એ વાત ધ્યાનમાં રાખવી.

## પ્રકરણ ૧૨ મું

**મહાવીર નામકરણ :**

વય તો પોતાનું કામ કરે જ છે. નાનાં બાળકો પાસેથી તમે ગંભીર વિચારોની કે સલાહની આશા રાખો તે બને નહિ, અંતે બાળક તે બાળક છે એમ સમજવું જોઈએ. તેઓનો સમય રમતગમત અને આનંદમાં જ જાય, પણ તેમાં નિર્દોષતા હોવી જોઈએ.

વજ્રસ્વામી જેવા આચાર્ય ઘોડિયામાં ચૌદ પૂર્વનો પાઠ કરી ગયા હતા અને અનેક વાદીઓને જીતતા હતા. વાદમાં કોઈ તેની બરાબર નહોતું પણ બહાર જંગલ જાય ત્યારે પાણીમાં કાછલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરાવતા હતા. એક વાદવિવાદ કરનારે જ્યારે એ વાત કરી ત્યારે ગુરૂ મહારાજે જવાબ આપ્યો કે अयं न क्रिडति, वयः क्रीडति એટલે એ ક્રીડા કરતો કે રમતો નથી, પણ એની વય ( ઉંમર ) ક્રીડા કરે છે. આ વાતમાં ઘણું રહસ્ય છે. અમુક માણસ ક્રીડા કરતો કે રમતો નથી પણ એનું વય જ એવું છે કે એને ક્રીડા કરવાનું સૂઝે. એમ તો મારા પ્રીન્સિપાલ કહેતા હતા કે મને તમારી નિર્દોષ રમતો પર એટલો આનંદ આવે છે કે મને તમારી સાથે બેસી જવાનું મન થાય છે, પણ એ સર્વ વાત ખોટી છે જે ઉંમરે રમતો શોભે એ તેમની વય જ નહોતી અને વજસ્વામી તો બાળક હતા. એ ઉંમરે છોકરાંઓ શેરીમાં પણ રમે અને ગમે ત્યાં રમે, એ વાતનો ધોખો ન જ હોવો જોઇએ.

વર્દ્ધમાન પણ આ વાતમાં અપવાદ રૂપે નહોતા. તેઓ પણ આંબલી પીપળી કરી ઝાડો ઉપર ચડ ઊતર કરતા હતા અને અનેક છોકરાંઓને રમત કરાવતા હતા. પણ સૌધર્મેન્દ્રે તેમનું ધૈર્ય જોઈ જાણી તેમનું મહાવીર નામ પાડયું અને રાજસભામાં તે બાબતના વખાણ કર્યાં. તેમણે જણાવ્યું કે " અહો દેવો ! મહાવીર હજુ બાળક છે, પણ એનો ધૈર્ય ગુણ અજબ છે ! કોઈ દેવ દાનવ એમના પરાક્રમને પહોંચી કે હઠાવી શકે તેવું નથી. '

આ સાંભળનારમાં કોઇ મિથ્યાત્વી દેવ હતો. તેને એમ લાગ્યું કે-ઈન્દ્ર જેવા મોટા માણસો તો ગમે તેવું બોલી શકે પણ છેવટે તો વર્દ્ધમાન મનુષ્ય જ છે એનામાં તે એવી ધીરજ ક્યાંથી હોય કે દાનવો પણ એને પહોંચી ન શકે મોટા માણસો તો જે બોલે તે રમણીય ગણાય. કોણ એમની સામે બોલનાર છે ? એ તો મોટા માણસની બધી વાતો છે બાકી અનાજ ખાનાર મનુષ્ય ક્યાં અને વૈક્રિય શરીરવાળા દેવોની શક્તિ ક્યાં ? મોટા માણસો જે બોલે તે બધુ ઠીક જ માનવું પડે. '

આવો વિચાર કરી સૌધર્મેંદ્રની વાત ન સ્વીકારતાં પ્રભુની ધૈર્યપરીક્ષા કરવા એ દેવ ત્યાંથી ચાલી નીકળ્યો અને તીવ્રગતિએ ક્ષત્રિયકુંડ નગરે પહોંચી ગયો.

જોગ એવો બન્યો કે વર્દ્ધમાન તે વખતે બીજા છોકરાઓ સાથે ઝાડ ઉપર ચઢવાની અને તે પરથી ઊતરવાની અને એકબીજાને પકડવાની રમત ગામ બહાર રમી રહ્યા હતા. દેવતાએ પણ એક રમત રમનાર છોકરાનું રૂપ લીધું. વૈક્રિય શરીરવાળા તો ગમે તે રૂપ ધારણ કરી શકે છે અને તે પણ રમનારા છોકરાઓ જેવો બની ગયો. એ તો પ્રભુની પરીક્ષા કરવા આવ્યો હતો અને પોતે પ્રભુના ધૈર્યગુણ માટે ખાતરી કરવા સારૂ ત્યાં આવ્યો હતો. એ તો રમનારા છોકરા સાથે ભળી ગયો.

વાત એવી બની કે પ્રથમ તો તેણે વિષધરનું રૂપ લીધું, ને દેવતાં સર્પ થઇ ગયો. ભગવાન જે ઝાડ પર ચઢવાના હતા તે ઝાડના મૂળિયે ચારેતરફ એ તો વિંટળાઇને બેસી ગયો, પણ પ્રભુ જે જરા પણ ડરતા નહોતા તેણે તો ઉપાડી ફેંકી દીધો. આવા મોટા સર્પને ફેંકતા તેમને જરા ક્ષોભ પણ ન થયો. હાથમાં પકડી તેને જેવો દૂર ફેંકયો તેવોજ તે દેવે પ્રભુને ધમકાવવા માટે સાત તાડનું રૂપ કર્યું. શરત એ હતી કે જે હારે તે દાવ આપે અને આ સર્પરૂપે દેવ હારી ગયો એટલે એણે તો પોતાનો ખંધોલો ધર્યો.

આ વખતે દેવે બાળકનું રૂપ ધારણ કર્યું હતું અને પોતે રમનારા છોકરાનું રૂપ લઇ પોતાની હાર કબૂલ કરી હતી. ભગવાન વર્દ્ધમાન જેવા એની પીઠ પર બેઠા અને દેવનું શરીર તો વધવા લાગ્યું. વધી વધીને એણે સાત તાડનું રૂપ લીધું. એક તાડ કેટલો ઊંચો હોય છે તે આપણે જાણીએ છીએ. સર્વ ઝાડે.માં તાડ લગભગ સો હાથ ઊંચો હોય છે. ઊંચામાં ઊંચું ઝાડ તે તાડ છે. એવા સાત તાડનું રૂપ લે અને પ્રભુ તેને ખમી ખાય એ તો ભારે આકરી વાત હતી. પણ પ્રભુને મન તો તે રમતમાત્ર હતી. એતો દેવના રૂપમાં આવેલ બાળકની પીઠ પર બેસી જ રહ્યા અને દેવે તો વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું, તે વખતે જ્યારે તેણે સાત તાડ જેટલું ઊચું રૂપ લીધું અને પોતાના દાંતો ભયંકર કર્યા અને ફુંફાડા મારવા લાગ્યો ત્યારે પ્રભુએ પોતાના હાથથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને એક મુઠ્ઠી મારી, એટલે તે દેવ તરત બાળક બની ગયો. પ્રભુ તો જરાપણ ક્ષોભ પામ્યા નહિ. બીજા સાથે રમનારા છોકરાઓ તો ગભરાઇને નાસી ગયા. આ દેવને ભગવાનની સખ્ત મુઠ્ઠી પડી એટલે એ પ્રભુનો ધૈર્યગુણ જોઈ શક્યો.

દેવ તરત નાનો બાળક બની ગયો અને પોતાનું જે ભયંકર રૂપ હતું તે સર્વ વિસરામ કરી ગયો અને પ્રભુના ધૈર્યગુણની પ્રશંશા કરતો પોતે ઇંદ્રની વાત ન માનવા માટે પસ્તાવા લાગ્યો અને પ્રભુને નમીને તેમના ધૈર્યગુણની પ્રશંસા કરવા લાગ્યો અને પ્રભુની ક્ષમા ચાહી માફી માગવા લાગ્યો અને પ્રભુને ન ઓળખવા માટે ખેદ કરવા લાગ્યો.

પ્રભુએ તો તેને તુરત માફી આપી દીધી અને જાણે કાંઈ બન્યું નથી તેમ પોતાના મિત્રોને શોધવા લાગ્યા.

દેવે કબુલ કર્યું કે "ઇન્દ્રે જે આપનું નામ મહાવીર આપ્યું છે તેને આપ તદ્દન યોગ્ય છો. મેં તે વાત ન માની તેનો અંજામ મારા વાંસામાં આપની મુઠ્ઠી પડી એમાં આવ્યો.

આવી રીતે પ્રભુનું **મહાવીર** નામ પડયું. તે નામ દેવોએ આપ્યું, ઇન્દ્રે પાડયું અને પ્રભુના શરીરબળની પરીક્ષા થઇ.

શરીરબળની કેટલી જરૂરીઆત છે તે આ ઉપરથી જોવામાં આવ્યું હશે. અત્યારે શારીરિક શિક્ષણ ઉપર ધ્યાન ઘણું ઓછું ભણનાર આપે છે. એ કસરતશાળામાં બહાના બતાવી જતો જ નથી, પણ જાય છે તો માર્કસ ( ગુણો ) લેવા અને ત્યાં જઇને વેઠીઆવેઠ કરે છે. પોતાનાં શરીરનો પણ વિકાસ મનના શિક્ષણ સાથે કરવો જોઇએ એમ હજુ તેને લાગતું જ નથી. એની મરવા વાંકે જીવવાની સુરત, એની દુર્બળ કાયા અને એના ખાડા પડી ગયેલાં ગાલ જોતાં નાનપણમાં વાંચેલ એક નવલમાં આવેલ કથા યાદ આવે છે. એ નવલનું નામ હતું 'એમ. એ.; બનાકે કયું મેરી મટ્ટી ખરાબ કીયા.' આ એમ. એ. થઇને મારી માટી (શરીર) કેવું ખરાબ બનાવી દીધું. એમાં એક કવિતા વાંચેલ યાદ છેઃ—

મેટ્રિક માંદા ના મીટે, બી. એ. થયા બેહાલ;
એમ. એ. મરણ પથારિયે, એ વિદ્યાના હાલ.

આ શ્લોકમાં કહી તે સ્થિતિ છે. મેટ્રિક પસાર કરતા તે તો દરરોજ માંદલા જ રહેલા છે અને બી.એ. થઇને ગ્રેજ્યુએટ થાય તે તો વળી તેથી વધારે માંદા થઈ હાલબેહાલ થઈ ગયા છે અને એમ.એ. થયેલા ડબલ ગ્રેજ્યુએટ તો, મરણ પથારીએ પડ્યા છે, તેઓ તો મરવાને વાંકે જ જીવે છે. આ નવીન વિદ્યાના એટલે વિદ્યા લેનારના હાલ છે. આવી રીતે માંદલા; દુર્બળ હાડપિંજર થઇને મરવાને વાંકે જીવવું અને હંમેશા વીટામીનની શોધ કરવી એવી દશા કસરત નહિ કરનાર વિદ્યાર્થીવર્ગની છે. આ સ્થિતિ આપણા આશાસ્પદ વિદ્યાર્થીવર્ગની છે અને જેના પર આશા બાંધી હોય તે આખો વર્ગ અથવા તેનો મોટો ભાગ આવો નબળો અને હાડપિંજર જેવો, ગાલમાં અને આંખમાં ખાડાવાળો હોય તો એક શહેરી તરીકે આપણો આખો વર્ગ કઈ હદે ઉતરી ગયો છે તે જણાશે. તમે એ વર્ગના કોઇને પણ મલ્લકુસ્તી કરનાર કે શરીરે સ્વાસ્થ્યપૂર્વકની ઘટ્ટતા બતાવનાર ભાગ્યે જ જોશો. કદાચ આ વર્ણનમાં અતિશયોક્તિ હશે, પણ તેનો અપવાદ હોય તેવી પરિસ્થિતિ તો ભાગ્યે જ જોવા મળશે. એ વિચારતાં આપણા વિદ્યાર્થીવર્ગે તો શરીરે ખડતલ થવાની બહુ જ જરૂર છે. આ મહાવીરસ્વામી જેવા ખડતલ અને ધૈર્યવાન કદાચ સર્વને થવાનું બને નહિ તો પ્રત્યેકે મજબૂત શરીરવાળા હોવાની તો જરૂર છે જ. આવો ઉપયોગીવર્ગ મડદાલ હોય તે આપણને શરમજનક છે અને બાકીનો વર્ગ મજબૂત કે જાડો હોય તે વર્ગની વાત અગત્યની નથી. ભણેલા કે ભણતાં વર્ગની શારીરિક સ્થિતિ ખેદજનક હોય તે માટે ચિંતા થાય છે. અને હાલમાં કેટલેક સ્થાનકે અખાડા નીકળે છે તેનો અંતઃકરણથી લાભ લેવાની જરૂરિયાત છે. એમાં જે વખત જાય તે નકામો જાય છે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઘરભણી પ્રવાસ !

લેખકઃ–સ્વ૦ સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

અનેક કારણો માટે આપણને પ્રવાસ કરવો પડે છે. અને હાલમાં જેમ પ્રવાસના સાધનો વધુ શીઘ્ર-ગામી અને સુલભ થવા માંડ્યા છે તેમ પ્રવાસ પણ વધી જ રહ્યો છે. આગામી કાળમાં તે વધતો જ જશે એમ સ્પષ્ટ જણાવા માંડયું છે. પહેલા કાળમાં યાત્રા કે એવા કારણો માટે પ્રવાસ કરવાનું કોઈ ધારે તો મોટો સમુદાય પ્રવાસે નીકળવાનો હોય અને રક્ષણના સાધનો પૂરેપૂરા હોય તો જ જવું બને. ઘણી વખત તો આપણે સુખરૂપ સહીસલામત પાછા ફરીશું કે કેમ તેની પણ શાશ્વતિ હતી નહીં. એ સ્થિતિ પલટાઈ છે. અને હાલમાં તો વિલાયતથી ભારતમાં આઠ કલાકમાં સુખેથી આવી શકાય છે. અને એ વેગ વધારવાની તો હરીફાઈ પણ જાગી છે. હજારો માઈલોનું આંતરું હવે જાણે ભૂંસાતું ચાલ્યું છે. એટલે ઘેરથી નીકળ્યા પછી પાછું ફરવા બાબત ઝાઝો વિચાર કરવાનું કોઈ કારણ રહ્યું નથી. અમો આ લેખના શીર્ષકથી ઘરભણી પાછા ફરવા માટે ચિંતા બતાવીએ છીએ. એનું કારણ શું છે એવી કોઈને પણ શંકા પેદા થાય એ સ્વાભાવિક છે. હાલના પ્રવાસમાં ભાથું સાથે રાખવાની પણ લોકો ચિંતા રાખતા નથી. ત્યારે સ્વાભાવિક રીતે જ પોતાના ઘર તરફ પ્રવાસ પુરો કેમ થશે એની ચિંતા શામાટે રાખવી !

શંકા થાય છે કે આપણો પ્રવાસ આપણા ઘરની દિશા તરફ જ છે ને ? જો એમ ન હોય અને આપણો પ્રવાસ ઘરની દિશાની વિરૂદ્ધ દિશામાં ચાલેલો હોય તો આપણે અવશ્ય વિચાર કરવો જ પડશે, એ પદ્ધતિની વિચારધારા જો જાગી હોય તો આપણે કોણ છીએ, અને આપણે કઈ દિશામાં પ્રવાસ કરી રહ્યા છીએ, તેમજ આપણા પ્રવાસના માર્ગમાં કોઈ પર્વતો, સમુદ્રો કે ખાઈઓ તો નથી ને, કોઈ ચોર ડાકુઓ આપણને લુંટવા માટે રસ્તામાં આપણી રાહ જોતા બેઠા તો નથી ને, મોટી અટવીઓ આપણા માર્ગમાં નહીં આવે ને, જંગલી જાનવરોનો ભય તો આપણા માર્ગમાં નથી ને, આપણા પ્રવાસનો માર્ગ નિષ્કંટક છે ને, એવા ઘણા પ્રશ્નો આપણી નજર સામે ઉભા થાય એમાં શંકા નથી. અને સહુથી અગત્યનો પ્રશ્ન તો આપણું ઘર ક્યાં છે,

---

( વર્ધમાન–મહાવીર )

ધારવું નહિ અને વડિલવર્ગે પણ આ બાબતમાં યોગ્ય પ્રેરણા અને સૂચના આપવા જેવું છે. મહાવીરસ્વામીએ જેવો શરીરનો અને મનનો વિકાસ સાધ્યો તેવો કદાચ વિદ્યાર્થીવર્ગ સાધી ન શકે તે બનવાજોગ છે, પણ એ બાબતની ઉપેક્ષા કે બેદરકારી આપણે માથે આવેલ જવાબદારીને અંગે પાલવે તેમ નથી. આપણા વિદ્યાર્થીવર્ગે મહાવીરના જીવન સામે આ નજરે પણ અનુકરણની દૃષ્ટિએ જોવા જેવું છે અને મનની કેળવણી સાથે તનની કેળવણી પણ એટલી જ જરૂરી છે તે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

અને મહાવીરસ્વામીની શરીર સંપત્તિ પણ કેવી ? ઇન્દ્રે તેની યોગ્ય પ્રશંસા કરી છે, અને વિદ્યારસિક વર્ગે તો તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કોઈ પણ કામ કરવા માટે મજબૂત શરીરની તો જરૂરીઆત છે જ, તેથી તે પ્રત્યેની જરૂર સમજી માત્ર માર્ક ( ગુણ ) મેળવવા ખાતર જ એ કાર્ય હાથ ધરવાની ચીવટ રાખવાની જરૂર નથી પણ પોતાની જેમ મન તરફ વિકાસની જરૂર છે તેમ શરીરવિકાસની પણ તેટલી જ જરૂર છે એમ વિચારી શરીરને ખડતલ બનાવવાની પોતાની ફરજ નવીનયુગે અને ખાસ કરીને વિદ્યાર્થીવર્ગે સમજી લેવી જોઇએ અને તે નજરે મહાવીર ચરિત્રનો આ વિભાગ જરૂર અનુકરણીય છે.

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કઈ દિશામાં છે અને આપણે ભૂલભુલામણીમાં તો નથી પડ્યાને ! એવા અનેક જટિલ પ્રશ્નોનો ઉકેલ આપણે મેળવવો પડશે. અને આ લેખનો એ જ ઉદ્દેશ છે.

આ આપણું શરીર જેને આપણે પંપાળીએ છીએ તેમાં આપણો નિવાસ છે, ત્યાં સુધી જ તેને પોષવામાં અને તેની સારવાર કરવામાં આવે છે. એટલે આપણે તેમાંથી નીકળી જતાં તેને કોઈ સાચવવા માગતા નથી. અત્યંત નિકટના અને સગાઓ જે આપણા ઉપર મોહ રાખે છે તેઓ પણ આપણા આ સુંદર શરીરને બાળી નાખતા વાર લગાડતા નથી. કારણ એ જીવ વગરના શરીરમાં આપણો નિવાસ પુરો થઈ ગએલો હોય છે. એ શરીર એટલે એક જીવ વગરનું ખોખું બની ગએલું હોય છે. એ ઉપરથી એ પુરવાર થાય છે કે, આપણે પોતે એટલે આ ગોઝારૂં અને સુંદર લાગતું શરીર નહીં. અર્થાત્ આપણે અરૂપી આનંદરૂપ આત્મા છીએ અને એ આપણું કાર્યક્ષેત્ર છે. બીજી રીતે કહીએ તો શરીર એ આપણું વાહન છે. જે ગાડી, ઘોડો, હાથી, રથ કે પાલખીમાં બેસી માણસ ફરે હરે છે, પ્રવાસ કરે છે તેમ આ શરીરદ્વારા આપણે અનેક જાતના કાર્યો કરીએ છીએ. પ્રવાસ કરતી વખતે વાહનનો ઉપયોગ કરીએ પણ આપણે મુકામે પહોંચ્યા પછી વાહન મૂકી દઈએ છીએ માટે જ આ શરીરને વાહન કહેવામાં હરકત નથી. પણ આપણે વાહનની મદદથી જ્યાં જ્યાં પ્રવાસ કરીએ કે જે જે કામો કરીએ તેના પરિણામો તે વાહનને ભોગવવા પડતા નથી પણ તે આપણે અથવા આપણા આત્માને ભોગવવા પડે છે. માટે જ એકલા વાહન એટલે શરીરની સુખ સગવડો જ સાચવતા રહીએ તો તેથી આત્માને પરિણામે વિપત્તિઓ જ ભોગવવી પડે. આપણે પોતે શરીર નહીં પણ નિરાકાર આત્મા છીએ એ સિદ્ધ થયા પછી આપણું ઘર ક્યાં છે, આપણે ચિરંતન વાસ ક્યાં કરવાનો છે, આપણું કાયમ નિવાસસ્થાન ક્યાં છે તેનો વિચાર કરવો રહ્યો.

આપણે પોતે આત્મા છીએ અને આ શરીર એ એનું કાર્યક્ષેત્ર છે. અને એવા કાર્યક્ષેત્રો આપણે અનેક અને અનંતીવાર બદલ્યા છે એવા કાર્યક્ષેત્રો તો જતા રહ્યા અને હજુ કેટલા જવા આવવાના છે એની કલ્પના પણ આપણે કરી શકતા નથી. તેથી આપણું નિવાસસ્થાન કે સદાનું ઘર એ આ જડ વસ્તુઓમાં હોવું શકય નથી. એ તો આ બધાં ઉપાધિઓના બંધથી પર હોવું જોઈએ એ નિર્વિવાદ સિદ્ધ થાય છે શાસ્ત્રકારો અને સંત મહાત્માઓ એને મોક્ષ અગર મુક્તિ કહે છે. પણ એ શબ્દો બંધને અનુલક્ષી કહેલો જણાય છે. વાસ્તવિક જોતાં એ આત્માના નિવાસસ્થાનને સત્ ચિત્ અને આનંદની અવસ્થા કહી શકાય. એ આત્માનું ઘર કહેવાય. આત્માનો કોઈ ગુણ હોય તો તે જ્ઞાનગુણ છે અને એ સંપૂર્ણ જ્ઞાનની અવસ્થા એ આત્માનું નિરૂપાધિક નિરંતર વસવાનું ઘર છે. એ પોતાના ઘરભણી આપણો પ્રવાસ ચાલ્યો છે કે કેમ એનો આપણે વિચાર કરવાનો છે. ઘરભણી જ પ્રવાસ આપણો ચાલ્યો હોય તો તે માર્ગમાં આપણે જે અનંત ઉપાધિઓનો સંચય શામાટે કરીએ છીએ ? એ બોજો છે અને તે આપણા માથે ચઢી બેસે છે. તેવો બોજો ઉપાડી ચાલતા આપણો પ્રવાસ આકરો થતો જાય એ સ્પષ્ટ વાત છે. આપણા સહવાસમાં જે જે આવ્યો તેની સાથે આપણે મીઠો કે કડવો સંબંધ જોડતા જ જઈએ ત્યારે એ ઉપાધીઓનો નાશ ક્યારે થવાનો ! જેની સાથે મીઠો અને હેત પ્રીતિનો સંબંધ જોડતા જઈએ તેનો સંબંધ જ્યારે જ્યારે આપણી-જોડે આવશે ત્યારે ત્યારે તેનું આકર્ષણ તો વધતું જ રહેવાનું ! અને તેના સુખ અને દુ:ખમાં આપણે સહભાગી બનતા જ રહેવાના ! ત્યારે એ પ્રેમની કે મોહની ઉપાધી ક્યારે ટળવાની ? અર્થાત્ એ ઉપાધિ આપણા આત્મા સાથે નિગડિત થવાથી આપણા ઘરભણી ચાલતા પ્રવાસમાં એ વિઘ્નરૂપ અંતરાય કરે એ સ્પષ્ટ થાય છે. જેમ મીઠા પ્રેમના સંબંધની ઉપાધી ટાળવી મુશ્કેલ બને છે, અને આપણા સીધા પ્રવાસમાં અંતરાય ઉત્પન્ન કરે જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેમ કડવો સંબંધ કે વેર વિરોધ આપણા ઘરભણી ચાલતા પ્રવાસમાં મહાન વિઘ્નરૂપ થઈ પડે છે. એટલું જ નહીં પણ આત્માને કલુષિત કરવામાં એ વધુ ભાગ ભજવે જાય છે. આપણો કોઇ સાથે વિરોધ જાગે છે ત્યારે જ્યાં જ્યાં એનો આપણી સાથે સંપર્ક આવે છે ત્યાં ત્યાં આપણા મનમાં ક્રોધ અને દ્વેષની ભાવના જાગતી જાય છે. આપણો આત્મા નીચે નીચે ખેચાતો જાય છે અને આપણે જેને શત્રુ ગણીએ છીએ તેનું નુકસાન કે બુરૂ થતા પહેલા જ આપણે આપણું પોતાનું નુકસાન વ્હોરી લઇએ છીએ. તેથી જ આવી ઉપાધિઓનો બોજો અસહ્ય અને કદી પણ ઓછો નહીં થનારો એવા આપણા માથે ખડકાતો રહે છે. ત્યારે આપણો પ્રવાસ સુસહ્ય શી રીતે થવાનો ! કહેવું પડશે કે આવા અનેક બોજાઓ આપણે નિત્ય નવા પેદા કરતા રહીએ છીએ. અને એ બધા બોજાઓ સાથે આપણો પ્રવાસ સરળ શી રીતે બનવાનો ! એ વસ્તુનો આપણે આપણા મન સાથે વિચાર જરૂર કરવો જોઈએ.

આપણા શરીર સાથે આપણી બધી ઇંદ્રિયો જોડાએલીજ હોય છે, તેથી તે દરેક ઇંદ્રિયના જુદા જુદા આકર્ષણો તેનાં સાથે નિગડિત હોય એ સ્વાભાવિક છે. કાનને સુંદર સ્વરો સાંભળવાની ટેવ હોય છે. અને તેને કડવા કે કર્કષ સ્વરો ઉપર દ્વેષ હોય છે. તેથી મનોહર સંગીત તેને સાંભળવાનો પ્રસંગ આવે છે ત્યારે તે પોતાનું ભાન ભૂલી જાય છે અને સંગીતની મોહિનીમાં ફસાઈ પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. અને પોતાનો ધણી જે આત્મા તેને પણ ભાન ભૂલાવી કર્તવ્યભ્રષ્ટ કરે છે. નેત્ર પણ એવી જ રીતે તેને ભૂલાવામાં નાખવા પ્રયત્ન કર્યે જ જાય છે. પોતે આત્માનો નોકર છે એ પોતાની ભૂમિકા ભૂલી પોતે સ્વતંત્ર છે એવું વર્તન કરે છે. અને બધાઓનો ધણી જે આત્મા તે પણ પોતાના સેવકની પાછળ ગાંડો થઈ ફરે છે. એનેજ આપણે માર્ગમાંના અવરોધો ગણવા જોઇએ. ચોર, લુંટારા અને ઠગારાઓ બીજું શું કરે છે? જેમ ઠગારાઓ માણસને કોઈજાતનું વિલોભન બતાવી તેને લૂંટી લે છે, તેમ આપણીજ ઇંદ્રિઓ આપણને ચોર લુંટારાઓના તાબે આપી દે છે, એમ કહીએ તો એમાં ખોટુ શું છે?

આપણે કામ, ક્રોધ, લોભ વગેરે આત્માના કટ્ટર શત્રુઓને તાબે સ્હેજમાં કેવી રીતે ફસાઇએ છીએ એ સમજાવવાની જરૂર પણ નથી. એ ખાડા ટેકરાઓ ઓળંગવા આપણા માટે એક આકરી કસોટીરૂપ છે. આપણા ઘરભણી પ્રવાસના માર્ગમાં ભયંકર અવરોધો એ રીતે ઉત્પન્ન થાય છે. અને આપણો માર્ગ કાંટા અને અણિયાળા કાંકરાથી ભરી દે છે. અર્થાત્ આપણો પ્રવાસ અવળો, લાંબો અને મોટા કાળનો કરી મૂકે છે. પ્રભુ મહાવીરના જીવે મરીચીના ભવમાં કાંઈ કોઈનું રાજ્ય પડાવી લીધું ન હતું. કોઇનો પ્રાણ હરણ કર્યો ન હતો કે કોઈની માલમિલકત છીનવી લીધી ન હતી. ફક્ત પોતે કેવા ભાગ્યશાલી છે, પોતાનું કુલ કેવુ સર્વોત્કૃષ્ટ છે એવી ભાવના ફક્ત મનમાં જાગી હતી. તેથી કેવડો અનર્થ પેદા થયો હતો ! શું આપણે એવી કલ્પના કોઈ દિવસ જાગી જ નથી? એવો અહંભાવનો વિચાર આપણા મનમાં આવ્યો જ નથી? અરેરે ! કહેવું પડશે કે, એવા વિચારો આપણા મનમાં ઘણીવાર તો શું પણ દિવસમાં દસ વખત એવા વિચારોનું રટણ કરતા હોઇએ છીએ. અને વારેઘડી એનો ઉચ્ચાર કરતા પણ આપણે લાજતા નથી. ત્યારે શું પ્રભુ મહાવીરના આત્મા માટે જુદો ન્યાય અને આપણા માટે જુદો ન્યાય હશે? પ્રભુ મહાવીરના આત્મા કરતા આપણો અપરાધ શું ઓછો હશે ! કહેવું પડશે કે, આપણો આત્મા તો શતગણો વધુ દોષીત છે. અને એની સજા પણ તેટલી જ આકરી હોઈ શકે. એ માન અને અહંકાર આપણા ઘરભણી જતા માર્ગમાં એવો ભાવ ભજવે છે એનો વિચાર કરવા બેસીએ ત્યારે આપણી છાતી ફાટી જાય છે ! શું આપણે આવાજ ભવચક્રના ફેરામાં અનંતકાળ સુધી સડતા, અથડાતા, કુટાતા પડી રહેવાના છીએ ! એવી બીહામણી શંકા આપણી નજર સામે ઉભી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તો તેમાં આશ્ચર્ય માનવા જેવું નથી. શું આપણો ઘરભણી જવાનો પ્રવાસ સુલભ અને નિષ્કંટક થાય એવી ઇચ્છા જ આપણને નથી! જો અંતઃકરણપૂર્વકની સાચી જ એવી ઇચ્છા હોય તો તેના ઉપાયો આપણે કરવાજ રહ્યા.

ઉપદેશ સાંભળી તરત જ પોતે વૈરાગ્ય ધારણ કરે એવા અસાધારણ વિરલ આત્માઓ અપવાદરૂપે ગણાય. ત્યારે આપણે સંસાર અને મોહરાજાની સેનાથી ઘેરાએલા અને છુટકારાનો કોઇ માર્ગ નહીં દેખનારા આત્માઓ આમાં શું કરી શકે? આ પ્રશ્ન થતા સંપૂર્ણ નિરાશા નહીં અનુભવતા એમાંથી કાંઇક માર્ગ શોધવો પડે. આપણે નિત્ય અનેક કાર્યો કરતા રહીએ પણ સાથે સાથે આપણા ઘરભણી ચાલેલા પ્રવાસની યાદ કરતા રહીએ અને પોતાની અશક્તિ અને નાલાયકીનું સ્મરણ કરતા રહીએ એ કાંઇ એટલું બધું આકરૂં કામ નથી. આપણે ઘણા કામો કરતા રહીએ અને સાથે સાથે એવો વિચાર પણ જાગતો રાખીએ કે, આ કામ કરવા જેવું તો નથી. હીસ્સે આવ્યું છે માટે કરૂં છું. વગર છુટકે કરૂં છું. ફરજ તરીકે કરવું પડે છે માટે કરૂં છું. મને એમાં આનંદ નથી. એવા વિચારો આપણે જરૂર કરી શકીએ અને એમ કહી દોષોની તીવ્રતા કાંઇક ઓછી કરી શકીએ. અને એમ કરતા વૈરાગ્યની ભાવના શુદ્ધ થઇ શકે. એટલે સંસારમાં રહ્યા છતાં કર્મની કલુષિતતા કાંઇક ટાળી શકીએ. એટલી પણ બુદ્ધિ આપણા મનમાં જગાડી શકીએ તો આપણે આપણો પ્રવાસ કાંઇક સુલભ કર્યો એમ ગણી શકાય. બધાઓને એવી બુદ્ધિ જાગે એવી ભાવનાપૂર્વક વિરમીએ છીએ.




શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઇએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું–ચૌદ નિયમનું–ચાર પ્રકારનું અનર્થદંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદાસગણિ મહત્તર : જીવન અને કવન

(ગતાંકથી ચાલુ)

પો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

**અવતરણો**–નિસીહની વિસેસ ચુણ્ણિમાં સાક્ષીરૂપે અનેક અવતરણો અપાયાં છે. એની એક સૂચી ચોથા ભાગમાં દ્વિતીય પરિશિષ્ટ તરીકે અપાઈ છે ખરી, પરંતુ ઘણાં અવતરણોનાં મૂળ દર્શાવાયાં નથી તો એ માટે પૂરતો પ્રયાસ કરાવો જોઈએ. મૂળ તરીકે મોટે ભાગે કેટલાક જૈન આગમોનો અને કોઈ કોઈની નિજ્જુત્તિ અને ભાસનો ઉલ્લેખ કરાયો છે.

ભા. ૨. પૃ. ૨૨ ઉપરના "काम ! नानामि ते मूल"થી શરૂ થતા અવતરણનું મૂળ **મહાભારત** હોવાનું કહ્યું છે, પરંતુ એના પર્વાદિનો નિર્દેશ નથી.

**ગ્રંથોનો ઉલ્લેખ**–પ્રસ્તુત ચુણ્ણિમાં જે ગ્રંથોનાં નામ જિનદાસગણિએ આપ્યાં છે તેની એક સૂચી તૃતીય પરિશિષ્ટ તરીકે રજૂ કરાઈ છે. એ નામો પૈકી નીચે મુજબનાં મને નોંધપાત્ર જણાય છેઃ—

અગ્ઘકણ્ડ (અર્ધકાણ્ડ), ઇસિભાસિય, ગોવિન્દણિજ્જુત્તિ, ચન્દગવેજ્ઝગ, ચન્દપણ્ણત્તિ, જોગસંગહ જોણિપાહુડ, નરવાહણદન્તકથા, તન્દુલવેયાલિય, દીવસાગરપણ્ણત્તિ, ધુત્તક્ખાહાણ, પોરિસીમણ્ડલ, રામાયણ, વસુદેવચરિય, વિવાહપડલ, વેજ્જસત્થ, વેદરહસ્સ, સમ્મતિ(દિ), સિદ્ધિવિણિચ્છય, સેતુ (? સેતુબન્ધ), અને હેતુસત્થ.

ચતુર્થ પરિશિષ્ટ **નિસીહ**નાં ભાસ અને ચુણ્ણિમાંના દૃષ્ટાન્તોની સૂચીરૂપ છે એવી રીતે પંચમ પરિશિષ્ટ એ બંનેમાં આવતાં વિશેષ નામોની વર્ગીકરણપૂર્વકની સૂચી છે. ચતુર્થ કરતાં પંચમ પરિશિષ્ટ વિશેષ મહત્ત્વનું છે. આ બંને પરિશિષ્ટોમાં ભાસ અને ચુણ્ણિને અંગે જે ભેગો વિચાર કરાયો છે તે એની ઉપયોગિતામાં આડખીલીરૂપ બને છે. બંનેનો પૃથક્ વિચાર કરાયો હોત તો તે વિશેષ આદરણીય બનત.

**નન્દીસુત્તની ચુણ્ણિ**–આ જ૦મ૦માં રચાયેલી અને ૧૫૦૦ શ્લોક જેવડી ચુણ્ણિ છે. શરૂઆતમાં મંગલાચરણરૂપે કોઈ પદ્ય કે ગદ્યાત્મક લખાણ નથી. અંતમાં 'णिरेण'થી શરૂ થતું એક પદ્ય છે. એના પછી મુદ્રિત કૃતિમાં નીચે મુજબની પંક્તિ છેઃ—

"सकराजतो पंचसु वर्षशतेषु नंद्यध्ययनचूर्णी समाप्ता इति। ग्रंथाग्रं १५००।"

આમ અહીં જે શકસંવત્ ૫૦૦ નો ઉલ્લેખ છે તે આ ચુણ્ણિનો રચના સમય હોવાનું 'આગમોદ્ધારક' આનન્દસાગરસૂરિજીનું માનવું છે, પરંતુ કેટલાયે વિદ્વાનો આ વાત તો શું પણ રચનાવર્ષ શકસંવત્ ૫૯૮ હોવાનું માને છે. આનું કારણ એ છે કે '૫૦૦'ના ઉલ્લેખવાળી કોઈ હાથપોથી હજી સુધી તો મળી આવી નથી અને જે હાથપોથીઓ જોવામાં આવી છે તેમાં નિમ્નલિખિત પંક્તિ છેઃ—

'सकराज्ञो पंचसु वर्षशतेषु व्यतिक्रान्तेषु अष्टनवतिषु नन्दिअध्ययनचूर्णिः समाप्ता'[1]

**નન્દીસુત્ત**ના ઉપર નિજ્જુત્તિ રચાયાનું જણાતું નથી, પરંતુ એના ઉપર ભાસ રચાયાનું અનુમાન પં. શ્રી વિક્રમવિજયગણિએ દોર્યું છે. વાત એમ છે કે આ ગણિએ **દ્વાદશારનયચક્ર** (ભા. ૪)ને અંગે ગુજરાતીમાં જે 'પ્રાક્કથન' લખ્યું છે તેમાં પૃ. ૩૩માં એમણે નીચે મુજબનો ઉલ્લેખ કર્યો છેઃ—

"નયચક્રની ટીકામાં ટીકાકારે કરેલા ઉલ્લેખથી નન્દિસૂત્રનું કોઈ ભાષ્ય હશે તેવી કલ્પના થાય છે. પૃ. ૨૧૯માં નન્દિનું સૂત્ર મૂકીને તે પછી "तद्व्याख्याननिदर्शनं च" એમ કહી "तं जदि आवरिज्जेज्जा" આ ગાથાનો ઉપન્યાસ કર્યો છે. તે પછી

૧ જુઓ D C G C M (Vol. XVII, pt. 2, p. 299) આ મારું વર્ણનાત્મક સૂચીપત્ર ઈ. સ. ૧૯૩૬ માં છપાવાયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃ ૪૬૨માં આ જ પાઠ લીધો છે. ત્યાં સૂત્ર તથા ભાષ્ય કે વિવરણનું નામોચ્ચારણ કરવામાં આવ્યું નથી. તત્પશ્ચાત્ પૃ ૭૪૯માં "तथा माष्येऽपि" આ પ્રમાણે એક વાકયની રચના કરીને " त पि जदि आवरिज्जेज्जा" ગાથા મૂકવામાં આવી છે. આથી નન્દી ઉપર તેનું વ્યાખ્યારૂપ કોઇ ભાષ્ય હશે આવું અનુમાન થાય છે. "

જો આ અનુમાન સાચું હોય તો એ બનવાજોગ છે કે જિનદાસગણિની ચુણ્ણિમાં આ ભાષ્ય (ભાસ)નો એક યા બીજી રીતે ઉપયોગ કરાયો હશે.

**નન્દી**ની ચુણ્ણિ ( પત્ર ૨૩ )માં નિમ્નલિખિત પંક્તિ દ્વારા **વિસેસાવસ્સગ** જોવાની ભલામણ કરાઇ છેઃ—

"**एतीते गाथाए अत्थो—मतिसुतविसेसो य जहा विसेसावस्सगे तद्धा भाणियव्वो** "

પત્ર ૨૧માંની "केई मणन्ति"થી શરૂ થતી એક ગાથા તેમજ "अण्णेग चेव"થી શરૂ થતી બીજી એક ગાથા **વિસેસણવઇ**માં ગા. ૧૫૩–૧૫૪ તરીકે જોવાય છે.

૩૭મા પત્રગત નીચે પ્રમાણેની પંક્તિનો [2] આશય **તત્ત્વાર્થાધિગમસૂત્ર** ( અ. ૨, સૂ. ૨૫ )ની સિદ્ધસેનગણિકૃત ભાષ્યાનુસારિણી ટીકા (પૃ. ૧૭૬)માં **નન્દી**ના સૂત્ર વ્યાખ્યાનમાં કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક જોવાય છેઃ—

" **कालिपहेदसण्णीणं पुण उक्कमकरणं कम्हा ? उच्यते–सव्वत्थ सुत्ते सण्णिगहवं जं कतं तं कालितोवदेससण्णिस्स, अतः सव्णं तत्संव्यवहारख्यापनार्थं आदौ कालिगगहणं कृतमित्यर्थः।** "

(૩) **આયારની ચુણ્ણિ**—જિનદાસગણિએ **નિસીહ**ની વિસેસ ચુણ્ણિના લગભગ પ્રારંભમાં (પૃ. ૧માં) નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"**भणिवा विमुत्तिचूला अहुणाऽवसरो णिसीहचूलाए**"

આ ઉપરથી એ વાત ફલિત થાય છેઃ ૧. **આયાર**ની ચુણ્ણિ જિનદાસગણિએ જ રચી છે.[1] ૨ એ ચુણ્ણિ **નિસીહ**ની ચુણ્ણિ કરતાં પહેલી રચાઈ છે. **આયાર** અને એની નિજ્જુત્તિને અંગે જે ચુણ્ણિ "ઋ કે શ્વે. સંસ્થા" તરફથી રતલામથી ઇ. સ. ૧૯૪૧ માં પ્રકાશિત કરાઇ છે અને જેનું સંપાદન આગમોદ્ધારકે કર્યું છે તેના મુખપૃષ્ટ ઉપર આ ચુણ્ણિના કર્તા જિનદાસગણિ મહત્તર હોવાની બહુશ્રુતોની કિંવદન્તી છે એવો ઉલ્લેખ છે. આ ચુણ્ણિના પ્રારંભમાં કોઇ મંગલાચરણ નથી કે અંતમાં કોઈ પ્રશસ્તિ નથી. પ્રહેલિકા દ્વારા પણ ચુણ્ણિકારે પોતાનું નામ સૂચવ્યું નથી. આ ચુણ્ણિ **આયાર**ના બંને સુયક્ખંધ (શ્રુતસ્કન્ધ)ને લગતી છે. પ્રથમ શ્રુતસ્કન્ધ સંબંધી ચુણ્ણિ ૩૨૫ મા પત્રે પૂરી થાય છે. આનો સમગ્ર ચુણ્ણિનો ગ્રંથાગ મુદ્રિત આવૃત્તિમાં અપાયેલો નથી, પરંતુ મુંબઈ સરકારની માલિકીની બે હાથપોથીમાં એ અનુક્રમે ૮૭૪૦ અને ૮૩૦૦ જોવાય છે.[2]

(૪) **આવસ્સયની ચુણ્ણિ**–આવસ્સયને અંગે નિજ્જુત્તિ અને ભાસ રચાયાં છે. એ ત્રણેના સ્પષ્ટીકરણરૂપે રચાયેલી ચુણ્ણિ "ઋ. કે. શ્વે. સંસ્થા" તરફથી બે ભાગમાં અનુક્રમે ઇ. સ. ૧૯૨૮ અને ઇ. સ. ૧૯૨૯ માં પ્રકાશિત કરાઈ છે પહેલો ભાગ સામાયિક પૂરતો છે. આ બંને ભાગના સંપાદક આગમોદ્ધારક છે. એમણે આ ચુણ્ણિના કર્તા તરીકે મુખ પૃષ્ટ ઉપર જિનદાસગણિ મહત્તરના નામનો નિર્દેશ કર્યો છે, પરંતુ એ માટે કોઈ પ્રમાણ રજૂ કર્યું નથી. આ મુદ્રિત ચુણ્ણિનો પ્રારંભ **નવકાર**નાં

---

૨ આ આશયવાળું લખાણ **નન્દી**ની હારિભદ્રીય ટીકા (પત્ર ૮૦)માં પણ જોવાય છે.

૧ આ અનુમાન નિ. અ. (પૃ. ૧૯)માં સુચવ્યું છે.

૨ જુઓ Descriptive Catalogue of the Government Collections of manuscripts(Vol. XVII, pt. I)નાં પૃ. ૧૧ અને ૧૨ આ મેં તૈયાર કરેલું "જૈન હસ્તલિખિત પ્રતિઓનું. વર્ણનાત્મક સૂચીપત્ર "ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર" તરફથી ઈ. સ. ૧૯૩૫ માં પ્રકાશિત કરાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદ્ય પાંચ પદોથી અને એ પછી નિમ્નલિખિત એક પદ્ય દ્વારા કરાયો છે.

"काऊण णमोकारं तित्थकराणं तिलोकमहिताणं।
आयरिउझायाणं णमिऊणं सव्वसाहूणं ॥"

આ પદ્ય વિચારતાં લખાણ અધૂરું જણાય છે કેમકે તીર્થંકરાદિને નમસ્કાર કરી કર્તા શું કરવા ઇચ્છે છે તેને લગતું લખાણ હોવું જોઇએ એમ લાગે છે પણ એ અહીં નથી.[1]

મુદ્રિત આવૃત્તિ પ્રમાણે આ ચુણ્ણિનો ગ્રંથાગ્ર ૧૯૦૦૦ શ્લોક જેવડો છે. આ ચુણ્ણિમાં કર્તાએ આડકતરી રીતે પણ પોતાનું નામ દર્શાવ્યું હોય એમ જણાતું નથી.

આ ચુણ્ણિ ( પત્ર ૩૪૧ )માં ઓહનિજ્જુત્તિ, કપ્પ, વવહાર, આયારવત્થુ અને ઓહનિજ્જુત્તિ-ચુણ્ણિનો ઉલ્લેખ છે. ૫૪૮મા પત્રમાં હાથી તોળવાની વાત છે.

(૫) **ઉત્તરજ્ઝયણની ચુણ્ણિ**–આ ચુણ્ણિના કર્તા ગોપાલક મહત્તરના કોઇ શિષ્ય છે એમ તો એની પ્રશસ્તિ ઉપરથી જાણી શકાય છે, પરંતુ એ ચૂર્ણિકાર તે પ્રસ્તુત જિનદાસગણિ મહત્તર જ છે એમ તો આગમોદ્ધારકનું માનવું છે.

આ ચુણ્ણિનો પ્રારંભ નિમ્નલિખિત પદ્યથી કરાયો છે:—

"कयपवयणप्पणामो वोच्छं धम्माणुयोगसङ्गहियं।
उत्तरज्झयणणुयोगं गुरु वएसाणुसारेणं ॥"

અંતમાં ચાર પદ્યોની પ્રશસ્તિ છે. એ આપણે આ પહેલાં વિચારી ગયા છીએ.

આ ચુણ્ણિ ૫૮૫૦ શ્લોક જેવડી છે.

(૬) **દસવેયાલિયની ચુણ્ણિ**—**દસવેયાલિય** અને એની બે ચૂલા તેમજ એની નિજ્જુત્તિ તથા એના ભાસને અંગે એક ચુણ્ણિ "ઋ. કે. શ્વે. સંસ્થા" તરફથી રતલામથી ઈ. સ. ૧૯૩૩ માં છપાવાઇ છે. એનું સંપાદન આગમોદ્ધારકે કર્યું છે. એના કર્તા જિનદાસગણિ મહત્તર હોવાની પ્રસિદ્ધિનો ઉલ્લેખ એના મુખપૃષ્ઠ ઉપર કરાયો છે. જ્યારે એના ઉપક્રમમાં આગમોદ્ધારકે, 'પ્રસિદ્ધિ' શબ્દ વાપર્યો નથી એટલે ત્યાં તો ચૂર્ણિકાર તરીકે જિનદાસગણિ મહત્તરનો સ્પષ્ટ નિર્દેશ છે.

આ ચુણ્ણિ(પત્ર ૫)માં [2]**તન્દુલવેયાલિયનો** સાક્ષી તરીકે ઉલ્લેખ છે. થોડા વખત ઉપર **દસ-વેયાલિયની** અગસ્ત્યે રચેલી ચુણ્ણિ મળી આવી છે. એ છપાય છે, તો એનો અને આ ચુણ્ણિનો પરસ્પર સંબંધ વિચારાવો ઘટે.

પ્રસ્તુત મુદ્રિત ચુણ્ણિના પ્રારંભમાં નવકારનાં આદ્ય ત્રણ પદો છે. અંતમાં એનો ગ્રંથાગ્ર "૭૯૭૦ (૭૫૭૬)" દર્શાવાયો છે.

(૭) **સૂયગડની ચુણ્ણિ**–"ઋ. કે શ્વે. સંસ્થા" તરફથી રતલામથી ઇ. સ. ૧૯૪૧ માં આ ચુણ્ણિ છપાવાઇ છે. એ સૂયગડ અને એની નિજ્જુત્તિના સ્પષ્ટીકરણરૂપ છે. એના પ્રારંભમાં નવકારનાં આદ્ય પાંચ પદો છે. [3]આ ચુણ્ણિમાં કે આયારની ચુણ્ણિમાં સિદ્ધસેન દિવાકરકૃત **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાંથી** અવતરણ અપાયાનું મને સ્ફુરે છે. આ મુદ્રિત ચુણ્ણિના મુખપૃષ્ઠ ઉપર ચૂર્ણિકાર તરીકે જિનદાસગણિ મહત્તરનો ઉલ્લેખ "બહુશ્રુતોની કિંવદન્તી"ને આધારે કરાયાનો નિર્દેશ છે. આ ચુણ્ણિનો ગ્રંથાગ્ર મુદ્રિત પુસ્તકમાં અપાયો નથી. મારા વર્ણનાત્મક સૂચીપત્રમાં પણ એની નોંધ નથી.

---

૧ મુંબઈ સરકારની માલિકીની એક હાથપોથીમાં પણ નથી. જુઓ DCGCM ( Vol. XVII pt. 3 p. 449 ).

૨ અંતમાં " नमः सर्वविदे वीराय विगतमोहाय " ઉલ્લેખ છે.

૩ આનો ઉલ્લેખ **દ્વાદશારનયચક્રની** વ્યાખ્યામાં કર્યો સિંહસૂરગણિએ કર્યો છે. આ પઇણ્ણગમાં જે જીવની ગર્ભાવસ્થા વગેરેનું નિરૂપણ છે તે **સુશ્રુતસંહિતા** સાથે સરખાવવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અણુઓગદ્દારની ચુણ્ણિ**—આ ચુણ્ણિ **અણુઓગદ્દાર**ની હારિભદ્રીય વૃત્તિ સહિત "ઋ. કે. શ્વે. સંસ્થા" તરફથી રતલામથી ઇ સ. ૧૯૨૮માં છપાવાઇ છે અને એના સંપાદક આગમોદ્ધારક છે. આ ચુણ્ણિના અંતમાં પત્ર ૯૧માં નીચે મુજબની પંક્તિ છપાએલી છેઃ—

"**इति श्री श्वेताम्बराचार्य जिनदासगणि महत्तर [1]पूज्जपादानामनुयोगद्वाराणां चूर्णिः**"

આ પંક્તિનાં 'શ્રી' અને 'પૂજ્જપાદ' એમ જે ઉલ્લેખ છે એ વિચારતાં આ પંક્તિ ચૂર્ણિકારની પોતાની કેમ હોઇ શકે? તો એ આ ચુણ્ણિની નકલ કરનાર–લહિયાની હશે. શું એને સાચી નહિ લાગવાથી સંપાદકે મુખપૃષ્ટ ઉપર ચૂર્ણિકારનું નામ જણાવ્યું નહિ હશે? આ પરિસ્થિતિમાં જ્યાં સુધી સબળ પ્રમાણ મળે નહિ ત્યાં સુધી આ ચુણ્ણિના પ્રણેતા તરીકે જિનદાસગણિ મહત્તરને માનતાં હું ખંચાઉં છું.

આ ચુણ્ણિ(પત્ર ૧)માં નીચે મુજબનો ઉલ્લેખ છેઃ—

"**इमस्स सुत्तस्स जहा नंदिचुण्णिए वक्खाणं तहा इहं पि वक्खाणं दट्ठव्वं**"

આમ અહીં જે **નંદિચુણ્ણિ**ની ભલામણ કરાઇ છે તે જિનદાસગણિ મહત્તરકૃત હોય એમ લાગે છે, કેમકે **નન્દીસુત્ત** ઉપર અન્ય કોઇએ ચુણ્ણિ રચ્યાનું જણાતું નથી. અહીં 'મારી રચેલી' એવો કોઇ નિર્દેશ નથી એટલે પ્રસ્તુત ચુણ્ણિના કર્તા તે જ **નન્દિચુણ્ણિ**ના કર્તા છે એમ ખાતરીથી કેમ મનાય? જો ખરેખર આ બંને ચુણ્ણિના કર્તા એક જ હોય તો **નન્દીસુત્ત**ની ચુણ્ણિ અણુઓગદ્દારની ચુણ્ણિ કરતાં પહેલાં રચાઇ છે એમ સિદ્ધ થાય છે.

પ્રસ્તુત ચુણ્ણિ પત્ર ૩)માં **તન્દુલવેયાલિય**નો ઉલ્લેખ છે. આ ચુણ્ણિનો ગ્રંથાગ્ર મુદ્રિત આવૃત્તિમાં દર્શાવાયો નથી. આ ચુણ્ણિ(પત્ર ૧૫)માં 'હંસ'ના અર્થ સંબંધી મતાંતરની નોંધ છે. પત્ર ૧૨માં **ધર્મસંહિતા**નો ઉલ્લેખ છે.

[1] આને બદલે 'પુજ્જપાદ' પાઠ શુદ્ધ ગણાય.

**વિવાહપણ્ણત્તિની ચુણ્ણિ**—ઉત્તરજ્ઝયણની ઇ. સ. ૧૯૩૩ માં છપાવાયેલી ચુણ્ણિના બે બોલમાં એ પૂર્વે છપાયેલી ચુણ્ણિઓનો જેમ ઉલ્લેખ છે તેમ નિમ્નલિખિત છપાવવાની ચુણ્ણિઓનો પણ ઉલ્લેખ છે.

"આચારાંગ, સૂત્રકૃતાંગ અને ભગવતીની ચૂર્ણિઓ"

આ પૈકી પહેલી બે પ્રકાશિત કરાઇ છે, જ્યારે ભગવતીની–વિવાહપણ્ણત્તિની ચુણ્ણિ અમુદ્રિત રહેવા પામી છે. એની હાથપોથીઓ મને જોવા મળે તો એના કર્તા વગેરેને અંગે થોડુંક પણ હું કહી શકું."

**રચનાક્રમ**–આગમોદ્ધારકનો "આર્હત આગમોની ચૂર્ણિઓ અને તેનું મુદ્રણ" નામનો લેખ જે "સિદ્ધચક્ર" (વર્ષ ૯, અંક ૮, પૃ ૧૫૭–૧૬૬)માં છપાયો છે તેમાં કહ્યું છે કે નંદી, અણુઓગદ્દાર, આવસ્સય, દસવેયાલિય, ઉત્તરજ્ઝયણ, આયાર, સૂયગડ અને વિવાહપણ્ણત્તિની ચૂર્ણિઓ એના રચનાના ક્રમ પ્રમાણે છે.

**સમયનિર્ણયઃ**–જિનદાસગણિ ક્યારે થયા એ પ્રશ્ન હવે આપણે વિચારીશું. નન્દીની ચુણ્ણિ શકસંવત્ ૫૯૮ અર્થાત્ વિ. સં. ૭૩૩ માં રચાયાનું ઘણા ખરા વિદ્વાનો માને છે. એ હિસાબે આ ગણિ વિક્રમની આઠમી સદી કરતાં તો ઉત્તરવર્તી નથી એ ફલિત થાય છે. એમણે વિસેસાવસ્સયભાસનો ઉલ્લેખ કર્યો છે આ ભાસના કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. એઓ વિ.સં. ૬૪૫માં સ્વર્ગે સિધાવ્યાની જૈન પરંપરા છે. વિશેષમાં આ ભાસની એક હાથપોથી વિ. સં. ૬૬૬માં લખાયાનો ઉલ્લેખ કરાય છે પં. માલવણિયાએ ગણધરવાદની પ્રસ્તાવના(પૃ. ૩૪)માં જિનભદ્રગણિનો સમય વિ. સં. ૫૪૫–૬૫૦ નો દર્શાવ્યો છે. આથી એમ કહી શકાય કે જિનદાસગણિ જિનભદ્રગણિ કરતાં પહેલા થયા નથી વિસેસાવસ્સયભાસનો રચના સમય વિ સં. ૬૨૦ની આસપાસનો માનવો યુક્તિયુક્ત હોય તો નન્દીની ચુણ્ણિની રચના વિ. સં. ૬૩૫માં થયાની વાત માનવામાં વાંધો ન આવે, જો વિ સં. ૬૩૫ને લિપિકાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગણવામાં આવે અને આ કૃતિને પચાસેક વર્ષ જેટલી પહેલાં રચાયેલી માનવામાં આવે તો વિસેસાવસ્સય-ભાસની રચના વિ. સં. ૫૮૦ જેટલી તો પ્રાચીન માનવી જ પડે.

નિસીહની વિસેસચુણ્ણિમાં જિનદાસગણિએ કેટલેક સ્થળે આ નિસીહના ભાસના કર્તા તરીકે સિદ્ધસેન ક્ષમાશ્રમણનો ઉલ્લેખ કર્યો છે. પં. માલવણિયાએ એવી સંભાવના કરી છે કે એ ક્ષમાશ્રમણ જિનભદ્રગણિના શિષ્ય અથવા તો એમના સમકાલીન છે.[૧] શિષ્ય હોય તો એ શિષ્યની દીક્ષા વિ. સં. ૫૭૫ની આસપાસમાં થઇ હશે અને એમણે નિસીહને અંગે ભાસ વિ. સં. ૬૦૦ ની આસપાસમાં રચ્યો હશે. જો આમ કહેવું બરાબર હોય તો એ ભાસ અને એની ચુણ્ણિ વચ્ચે પચાસેક વર્ષનું અંતર કલ્પતાં ચુણ્ણિની રચના વિ. સં. ૬૫૦ ની આસપાસની ગણાય.

આ લેખમાં જે જે પ્રહેલિકાઓ વિષે વિશેષ વક્તવ્ય બાકી રહે છે તે કાર્ય સહૃદય સાક્ષરો પૂર્ણ કરે એવી તેમને મારી સાદર પરંતુ સાગ્રહ વિજ્ઞપ્તિ છે.

૧ જુઓ નિ૦ અ૦ (પૃ. ૪૫)

## શ્રીયુત્ બાલચંદ હીરાચંદ (માલેગામવાળા)ને મહારાષ્ટ્રના જૈન સમાજની શોકાંજલિ.

સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને સમાજસેવક શ્રી. બાલચંદ હીરાચંદનો સ્વર્ગવાસ સં. ૨૦૨૨ ના પોશ વદ ત્રીજને રવિવારે બાણુ વર્ષની ઉંમરે થયેલ છે. શ્રી બાલચંદ હીરાચંદ (માલેગામવાળા)થી શ્રી જૈનધર્મ પ્રકાશના વાંચકો ભાગ્યે જ અજાણ હશે.

વિદ્યાર્થી અવસ્થામાં જ તેઓ નાની કવિતાઓ રચતા હતા. તેઓએ યુવાન અવસ્થામાંથી "શ્રી જૈનધર્મ પ્રકાશ" માસિકમાં કાવ્યો લખવા શરૂ કર્યા હતા. અને શ્રીમાન્ સ્વર્ગસ્થ કુંવરજીભાઇએ તેમના કાવ્યો અને લેખો માસિકમાં પ્રગટ કરીને તેમને તેમની સાહિત્ય પ્રવૃત્તિમાં ઉત્તેજન આપ્યું હતું.

તેઓએ ભક્તામર સ્તોત્રના ચુમ્માલીશ અને કલ્યાણ મંદિર સ્તોત્રના ચુમ્માલીશ શ્લોકોનો ગુજરાતી કાવ્યમાં અને મરાઠી કાવ્યમાં અનુવાદ કરેલ છે અને બન્ને અનુવાદો નાની પુસ્તિકાઓમાં છપાવેલ છે.

તેમણે લખેલ "નૂતન શત્રુંજયોદ્ધાર" કાવ્ય જૈનધર્મની ૨૦૧૫-૨૦૧૬ ની ભેટ તરીકે તેમના તરફથી માસિકના ગ્રાહકોને અને સભાના સભાસદ બંધુઓને ભેટ તરીકે આપવામાં આવેલ છે.

શ્રી. બાલચંદભાઈમાં નૈસર્ગિક કવિત્વ શક્તિ પ્રતિભાશાળી લેખિની બળ અને હૃદયંગમ રસ જમાવટ કરવાની શક્તિ હતાં. તેઓશ્રીએ લખેલા કાવ્યો "કાવ્યકૌમુદી" નામના પુસ્તકમાં છપાવવામાં આવેલ છે અને આ પુસ્તક તેમના તરફથી માસિકના ગ્રાહકોને અને સભાના સભાસદ બંધુઓને ભેટ તરીકે આપવામાં આવેલ છે.

શ્રી બાલચંદભાઈનું સ્થાન મહારાષ્ટ્રમાં આગળ પડતું હતું. તેઓ સમાજહિતના હિમાયતી હતા અને સાથે ચૂસ્ત ધાર્મિક શ્રદ્ધાવાળા હતા.

તેઓ જ્યારે જ્યારે પાલીતાણા યાત્રા નિમિત્તે આવતા હતા ત્યારે ત્યારે તેઓ સભાના મકાનમાં આવતા હતા અને સભાનો ઉત્કર્ષ કેમ થાય તે સંબંધી વાતચીત કરતા હતા અને આ રીતે સભા પ્રત્યે તેમની ભાવનામય લાગણી વ્યક્ત કરતાં હતાં.

તેઓ છેલ્લા થોડા માસથી બિમારીને લીધે પથારીવશ રહ્યા હતા. તેમના અકાળ સ્વર્ગવાસથી સભાને એક પદ્ય અને ગદ્ય લેખકની ખોટ પડેલ છે. શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# વિચારવમળ

સામાન્ય રીતે, દરેક મનુષ્ય કંઈ ને કંઈ વિચાર કર્યા કરતો હોય એમ જણાય છે. પરંતુ બારીકીથી તપાસતાં જણાશે કે આખાય દિવસમાં કોઇક જ વખત અથવા બહુ થોડી જ વાર તે પોતે આત્મા સંબંધી વિચાર કરે છે અને મોટે ભાગે તેનું મન જ વિચાર કર્યા કરતું હોય છે.

કાન પોતે સાંભળેલા શબ્દો મગજદ્વારા મનને રજુ કરે છે. આંખ, પોતે જોયેલી વ્યક્તિ કે વસ્તુનો ખ્યાલ મગજદ્વારા મનને આપે છે. નાક, પોતે સુંઘેલી વસ્તુની જાહેરાત મગજ-દ્વારા મનને કરે છે. જીભ, પોતે ચાખેલી વસ્તુના સ્વાદના ખબર મગજદ્વારા મનને આપે છે. ચામડી, પોતે સ્પર્શ કરેલી વસ્તુની બહારની સ્થિતિ મગજદ્વારા મનને રજુ કરે છે. શરીરના જુદા જુદા ભાગો તેમજ આખું શરીર પોતાની સગવડ, અગવડ, ભૂખ, તરશના સમાચાર મગજદ્વારા મનને આપે છે. આ દરેકની રજુઆત ઉપર મન પોતાની મેળે વિચાર કર્યા કરે છે.

સ્થૂલશરીર અને તેની ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતા વિચારોમાં કાર્મણશરીર પોતાના તરફથી ઉમેરો કરે છે. તે પોતાની સારીમાઠી લાગણીઓ, પોતાના રાગદ્વેષ, પોતાની સારીમાઠી વૃત્તિઓના સમાચાર મનને પહોંચાડે છે એટલે તેના પર પણ મન અનેક વિચારો કર્યા કરે છે.

વિચાર કરવો એ મનનો સ્વભાવ હોવાથી, પોતાના તરફથી ભૂત, વર્તમાન અને ભવિષ્યના વિચારો, અનેક જાતની ચિન્તાઓ કર્યા કરે છે. આ ઉપરાંત વાતાવરણમાં ઉડતા વિચારોની અસર પણ તેના ઉપર ચાલુ રહે છે.

સંસારવ્યવહારમાં રચ્યોપચ્યો રહેલો માનવી મનના વિચારવમળમાં સપડાઇ ગયેલો હોય છે. તે એક વિચારને કાઢે, ત્યાં બીજા અનેક વિચારો આવીને ઉભા રહે છે. એટલે તે કોઈ બાબતમાં એકાગ્ર થઈ શકતો નથી. તે કોઈ પણ વિચાર સંપૂર્ણપણે કરી શકતો નથી. તે પોતે, મનનો માલીક હોવા છતાં, તેનો ગુલામ બની જાય છે અને પોતાને મનથી જુદો પાડી શકતો નથી. એટલે તેનો વિચારવમળ દિવસે દિવસે પ્રબળ બનતો જાય છે, અનેક પ્રકારના બદ્ધમતોનું રૂપ લેતો જાય છે, અને કોઈપણ જાતના નવા પ્રકાશને આત્મા સુધા પહોંચવા દેતો નથી.

કોઈપણ એક વિચાર લાંબો સમય કરી શકાતો ન હોય, કોઈપણ ઉપયોગી પુસ્તક એકાગ્રતાથી વાંચી શકાતું ન હોય, ધ્યાન કરવા બેસતાં, મનમાં અનેક વિચારો ખડા થતા હોય, મનમાં અનેક ચિન્તા રહ્યા કરતી હોય, રાગદ્વેષના વિચારો મનને ઘેરી લેતા હોય તો સમજવું કે પોતે હજુ વિચારવમળમાં સપડાયેલો છે.

ઉપાય:—(૧) પોતે વિચારવમળમાં સપડાઇ ગયેલ છે, એ જાણવું. (૨) જાણ્યા પછી તેમાંથી છૂટવાનો દૃઢ સંકલ્પ કરવો. (૩) મનથી પર જઇ જાતે વિચારક બનવું અને ગમે તે વિચારને મગજમાં આવતો વિવેકથી અટકાવવો. (૪) સવારના રોજ શાન્ત મને ઇષ્ટદેવનું સ્મરણ કરવું, કોઇ મહાપુરુષના જીવનનો વિચાર કરવો અને તેમના જેવા થવા પ્રયાસ કરવો; રોજ થોડો વખત મનને તદ્દન શાન્ત થતાં શિખવવું. (૫) કોઈ સારૂં પુસ્તક, જીવનપલટો કરવાના હેતુથી રોજ પા અરધો કલાક રસપૂર્વક અને સમજપૂર્વક વાંચવું. (૬) મુશ્કેલી સંબંધે ચિન્તા ન કરવી પણ તેને સમજી તેનો ઉપાય શોધવા શિખવું.

આમ કરવાથી વિચારવમળમાંથી ધીમે ધીમે જરૂર છૂટા થઈ શકાશે. વમળ તૂટી સીધો પ્રવાહ બનશે અને પછી તે પ્રવાહ બંધન મટી સાધન થશે અને આત્મા આત્માવડે પોતાનો ઉદ્ધાર કરશે. ('અનંતને આરે'માંથી)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only